દાખલ તારીખ: ૦૮/૦૩/૨૦૧૮
રજી. તારીખ: ૦૮/૦૩/૨૦૧૮
ફેંસલ તારીખ: ૦૯/૦૬/૨૦૨૫
અવધિ વર્ષ માસ દિન

**નામદાર સુપ્રિમકોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A-અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩ તા.૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**FORM-A**

---

**વિનોદ વી. પરમાર,**
**અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ નં.૩ની કોર્ટમાં,**
**સુરત**

---

**સેશન્સ કેસ નં.૯૭/૨૦૧૮**
**(ચુકાદાની તા. ૦૯/૦૬/૨૦૨૫)**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ-** | **વરાછા પોલીસ સ્ટેશન, સુરત ગુ.રજી. નં. ૩૫૯/૨૦૧૭** |
| **ચાર્જશીટ મુજબનો ગુનોઃ-** | ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) |
| **ચાર્જફ્રેમ મુજબનો ગુનો:-** | ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૨૦૧, ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) |
| **ફરિયાદી** | શ્રી સરકાર(સ્ટેટ ઑફ ગુજરાત) (મૂળ ફરિયાદી :- ભાવેશભાઈ ભુપતભાઈ ડાબસરા) |
| **વિદ્વાન એપીપીશ્રી** | શ્રી એન.એમ. ચોડવડીયા |
| **મૂળ ફરિયાદીના વિદ્વાન વકીલશ્રી** | - |
| **આરોપીઓ** | ૧.કેતન દિલીપભાઈ પાટીલ<br>૨. કનૈયા સ/ઓ વસંતભાઈ મગનભાઈ સોનાર |

| | |
|---|---|
| | ૩.રાકેશ સ/ઓ અરવિંદ વાસુદેવ રાણે<br>જાતે રાણા રાજપુત<br>૪. દિપક ઉર્ફે સાગર ધનરાજ સોનાર |
| **આરોપીઓના વિદ્વાન વકીલશ્રી** | વિદ્વાન વકીલશ્રી હિતેષ.ડી.કહાર |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૦૨/૧૦/૨૦૧૭ના કલાક ૧૯.૩૦ થી ૧૯.૪૫ દરમ્યાન |
| **ફરિયાદની તારીખ** | તા.૦૨/૧૦/૨૦૧૭ |
| **ચાર્જશીટની તારીખ** | તા.૨૨/૧૨/૨૦૧૭ |
| **ફોજદારી કેસ કમીટ કર્યા તા.** | તા.૨૨/૦૨/૨૦૧૮ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | તા.૩૦/૦૯/૨૦૧૯ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | તા.૦૩/૦૮/૨૦૨૨ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખ** | તા.૦૫/૦૬/૨૦૨૫ |
| **ચુકાદાની તારીખ** | તા.૦૯/૦૬/૨૦૨૫ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | **આખરી હુકમ મુજબ** |

**<u>આરોપીની વિગતઃ–</u>**

**(<u>Accused Details</u>)**

| **આરોપી નં.** | **આરોપીનું નામ** | **આરોપીની ધરપકડની તારીખ** | **આરોપી જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **આરોપી સામે કયા ગુનાનો આક્ષેપ છે.** | **આરોપીને નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાન ઠરાવેલ ?** | **આરોપીને શું સજા કરેલ ?** | **આરોપી ક્રિ.પ્રો. કોડ કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય, તેવા સમય દરમીયાન કેટલો સમય કાચા કામના કેદી રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | કેતન દિલીપભાઈ પાટીલ | ૦૫/૧૦/૨૦૧૭ | જામીન મુકત છે. | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. | જામીન મુકત છે. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨ | કનૈયા સ/ઓ વસંતભાઈ મગનભાઈ સોનાર | ૦૭/૧૦/ ૨૦૧૭ | '' '' | '' '' | '' '' | '' '' | '' '' |
| ૦૩ | રાકેશ સ/ઓ અરવિંદ વાસુદેવ રાણે જાતે રાણા રાજપુત | ૧૨/૧૧/ ૨૦૧૭ | '' '' | '' '' | '' '' | '' '' | '' '' |
| ૦૪ | દિપક ઉર્ફે સાગર ધનરાજ સોનાર | ૧૨/૧૧/ ૨૦૧૭ | '' '' | '' '' | '' '' | '' '' | '' '' |

**FORM-C**

**<u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>**

**<u>List Of Prosecution/Defence/ Court Witnesses</u>**

**(એ) ફરિયાદપક્ષ તરફે**

**(For Prosecution)**

| અ.નં. (RANK) | **સાહેદનું નામ (Name of Witness)** | **વિગત (Nature of Evidence)** | **આંક Exh.** |
|---|---|---|---|
| ૧. | ભાવેશ ભુપતભાઈ ડાબસરા | ફરીયાદી (વિમુખ થયેલ છે) | ૧૬ |
| ૨. | બિપીનભાઈ અરવિંદભાઈ ગોંડલીયા | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૧૯ |
| ૩. | પ્રવિણભાઈ કાબાભાઈ બાલધીયા | ડિસ્કવરી પંચ (વિમુખ થયેલ છે) | ૨૦ |
| ૪. | લાલજીભાઈ રણછોડભાઈ ડાભી | ડિસ્કવરી પંચ (વિમુખ થયેલ છે) | ૨૨ |
| ૫. | સંદિપભાઈ રમેશભાઈ ગોહિલ | ફરીયાદીના કપડા તથા મુદામાલ કબજે કર્યાના પંચ (વિમુખ થયેલ છે) | ૨૩ |

| | | | |
|---|---|---|---|
| ૬. | સંજયભાઈ કાંતીભાઈ વાઘેલા | ફરીયાદીના કપડા તથા મુદામાલ કબજે કર્યાના પંચ (વિમુખ થયેલ છે) | ૨૫ |
| ૭. | પિયુષભાઈ ભુપતભાઈ ડાબસરા | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૨૯ |
| ૮. | સંજયભાઈ વિનુભાઈ આણદાણી | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૩૦ |
| ૯. | રમેશભાઈ સવજીભાઈ ગોહિલ | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૩૨ |
| ૧૦. | મનોજભાઈ ગુલાબભાઈ પટેલ | આરોપીની શરીરસ્થીતીના પંચ (વિમુખ થયેલ છે) | ૩૪ |
| ૧૧. | મુકેશભાઈ કરશનભાઈ લાડવા | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૩૬ |
| ૧૨. | કૈલાશ મોતીરામ મેઘવાલ | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૩૭ |
| ૧૩. | રમાશંકર રામઉજાગર પાલ | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૩૮ |
| ૧૪. | દેવેન્દ્રકુમાર અમરૂતલાલ પાંડે | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૩૯ |
| ૧૫. | કૃણાલભાઈ નરેન્દ્રભાઈ રાણા | સીસી ટીવી રેકોર્ડીંગ રજુ કરનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૪૦ |
| ૧૬. | ભાર્ગવભાઈ જશમતભાઈ કેશવાલા | આરોપીની શરીરસ્થીતીના પંચ (વિમુખ થયેલ છે) | ૪૩ |
| ૧૭. | જયેશભાઈ હામાભાઈ માવાણી | નજરે જોનાર સાહેદ (વિમુખ થયેલ છે) | ૪૪ |
| ૧૮. | મયુરકુમાર પ્રવિણભાઈ પટેલ | તપાસ કરનાર પોલીસ અધિકારી | ૪૫ |
| ૧૯. | ચંદ્રમૌલી હિમંતભાઈ પનારા | આરોપીઓને અટક કરનાર પોલીસ અધિકારી | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૦. | ચંદ્રસેન અમરસિંહ ગામીત | પી.એસ.ઓ. | ૬૦ |
| ૨૧. | ચંદ્રકાંત કેશવલાલ પટેલ | તપાસ કરનાર પોલીસ અધિકારી | ૬૨ |
| ૨૨. | મનહરસિંહ ઈન્દ્રસિંહ ઝાલા | તપાસ તથા ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી | ૭૨ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**
**(Defence Witnesses, if any)**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઈ હોય તો,**
**(Court Witnesses, if any)**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ/ આરોપીપક્ષ/ કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા**
**List of prosection/ Defence/ Court Document Exhibit**
**(એ) ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા**
**(List of Prosecution Exhibit)**

| અ.નં. (Rank) | દસ્તાવેજી પુરાવાની વિગત (Description of Document) | આંક (Exh.) |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૭ |
| ૨. | ડી.ડી.ની નકલ | ૧૮ |
| ૩. | ડિસ્કવરી પંચનામુ | ૨૧ |
| ૪. | ફરીયાદીએ કપડા, પર્સ, ડ્રા.લા. તથા પંચીંગ કાર્ડ રજુ કરેલ તે કબજે લેવાનું પંચનામું | ૨૪ |
| ૫. | આરોપીની શરીરસ્થીતીનું પંચનામુ | ૩૫ |
| ૬. | સાહેદ કુણાલ નરેન્દ્રભાઈ રાણાએ ભારતીય પુરાવા અધિનીયમ ની કલમ ૬૫(બી)૪(સી) મુજબ આપેલ પ્રમાણપત્ર | ૪૧ |
| ૭. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૪૬ |

| | | |
|---|---|---|
| ૮. | રવાનગી નોંધ | ૪૭ |
| ૯. | ઓન લાઈન રવાનગી નોંધ | ૪૮ |
| ૧૦. | એલએસએલનો ફોરવર્ડીંગ પત્ર | ૪૯ |
| ૧૧. | રવાનગી પત્ર | ૫૦ |
| ૧૨. | એફએસએલનો ફોરવર્ડીંગ પત્ર | ૫૧ |
| ૧૩. | બાયોલોજી પરીક્ષણનો અહેવાલ | ૫૨ |
| ૧૪. | સીરોલોજીકલ પૃથ્થકરણનો અહેવાલ | ૫૩ |
| ૧૫. | ભૌતીકશાસ્ત્રનો અભીપ્રાય | ૫૪ |
| ૧૬. | એફએસએલનો ફોર્મ–૧ | ૫૫ |
| ૧૭. | સ્ટે.ડા.નો ઉતારો | ૬૧ |
| ૧૮. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૬૩ |
| ૧૯. | સીસી ટીવી ફુટેજનું પંચનામુ | ૬૪ |
| ૨૦. | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૬૫ |
| ૨૧. | મુદામાલની પંચ સ્લીપો | ૬૬, ૭૦(એ) થી ૭૦(સી) |
| ૨૨. | ગુનાવાળી જગ્યા અંગે એફએસએલનો સ્થળપરીક્ષણ અહેવાલ | ૭૩ |
| ૨૩. | એફએસએલની પહોંચો | ૭૪–૭૫ |
| ૨૪. | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૪૨ |
| ૨૫. | આરોપી કેતન દિલીપને અટક કર્યાનું પંચનામુ | ૩૧ |
| ૨૬. | આરોપી કનૈયા વસંતને અટક કર્યાનું પંચનામુ | ૨૬ |
| ૨૭. | આરોપી રાકેશ અરવિંદ રાણે તથા દિપક ધનરાજ સોનારાને અટક કર્યાનું પંચનામુ | ૨૭ |
| ૨૮. | એફએસએલનો ફોરવર્ડીંગપત્ર | ૮૦ |
| ૨૯. | એફએસએલનો બાયોલોજી પરીક્ષણનો અહેવાલ | ૮૧ |
| ૩૦. | એફએસએલનો સીરોલોજી પરીક્ષણનો અહેવાલ | ૮૨ |
| ૩૧. | એફએસએલનો ભૌતીકશાત્રનો અહેવાલ | ૮૩ |

**(બી) <u>બચાવપક્ષે દસ્તાવેજી પુરાવા જો હોય તો</u>,**

**(List of Defence Exhibit, if any)**

| અ. નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

**(List of Court Exhibit, if any)**

| અ.નં . | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદામાલ પાવતીની વિગત**

| અનુક્રમ નં. | મુદામાલ આટીકલ નં. | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | બનાવવાળી જગ્યાએથી કબજે કરેલ લોહીવાળો કોટન થ્રેડ **માર્ક''એ''** |
| ૨. | ૨ | કંટ્રોલ સેમ્પલનો કોટન થ્રેડ **માર્ક''બી''** |
| ૩. | ૩ | શીલબંધ હાલની સીડી (''એ'' ) |
| ૪. | ૪ | અનસીલ્ડ સીડી (કબજે નથી લીધેલ) |
| ૫. | ૫ | ફરીયાદીના કપડા જેમાં સફેદ રંગનો શર્ટ, વાદળી રંગનું જીન્સ પેન્ટ, સફેદ રંગની બનીયાન, સફેદ રંગના બે હાથ રૂમાલ લોહીવાળા **માર્ક''સી''** |
| ૬. | ૬. | પ્લાસ્ટીકની થેલીમાં કબજે લીધેલ શર્ટ તથા છરી **માર્ક'ડી'** |
| ૭. | ૭. | ટામેટા કલરની લાંબી બાયનું શર્ટ ડાબી સાઈડે છાતીના ભાગે ફાટેલ છે તે **માર્ક ''ઈ''** |
| ૮. | ૮ | ક્રિમ કલરનો લાંબી બાયનો શર્ટ તથા ગ્રે કલરનું જીન્સ પેન્ટ માર્ક '' **એફ**'' |

**ચુ કા દો**

**૦૧)** આ કામમાં સદર બનાવ સંબંધે વરાછા પોલીસ સ્ટેશન, સુરત ગુ.રજી. નં.૩૫૯/૨૦૧૭ થી નોંધાયેલ ફરીયાદ તે મુજબ ગુનો આરોપી કેતન દિલીપભાઈ પાટીલ તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્યોની વિરૂધ્ધમાં જાહેર થયેલ, ત્યારબાદ આ ગુનાની તપાસ કરવામાં આવેલ અને તપાસના અંતે પોલીસે ચાર્જશીટ કુલ ચાર આરોપીઓની વિરૂધ્ધમાં કરેલ. ફરીયાદપક્ષના

કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ભાવેશભાઈ ભુપતભાઈ ડાબસરાના નાનાભાઈ પિયુષભાઈ ડાબસરાનાઓ વરાછા વિસ્તારમાં વૈશાલી ત્રણ રસ્તા પાસેની કિરણ ડાયમંડ ફેકટરીમાં કામ કરતા આરોપીઓ કેતનભાઈ પાટીલની સાથે તા. ૩૦/૯/૨૦૧૭ના રોજ થયેલ ઝઘડા અનવયે આરોપી કેતનભાઈ પાટીલે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે અનુસંધાને તા. ૨/૧૦/૨૦૧૭ના રોજ ફરીયાદી પોતાના નાથાભાઈ પિયુષ ડાબસરાને કિરણ ડાયમંડ ફેકટરીએ સાંજના સાડા સાતેક વાગ્યે મુકી પરત જતી વખતે આરોપીઓએ એકબીજાની મદદગારીથી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફરીયાદીને બીભસ્ત ગાળો આપી, ઢીકમુકકીનો માર મારી, નાખવાની મારી નાખવાની ધમકી આપી, મારી નાખવાના ઈરાદે આરોપી નં. ૧વાળા કેતન પાટીલે પોતાની પાસે રહેલ છરીથી ફરીયાદીને જમણી બાજુ કમ્મરના ભાગે તથા ડાબા પગની જાંઘના ભાગે એક એક ઘા તથા પીઠના ભાગે ડાભા ખંભા પર તથા જમણા ખંભા પર એક એક ઘા મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી ફરીયાદીનું રોડ પર પડેલ પલ્સર મો.સા.માં પથ્થરમારો કરી, ફોડફોડ કરી રૂા. ૧,૦૦૦/–નું નુકશાન કરી આરોપી નં.૧ વાળાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ લોહીવાળી છરી(ચપ્પુ)આરોપી દિપક ઉર્ફે સાગરે પાણીથી ધોઈ નાખી પુરાવાનો નાશ કરેલ તપાસ દરમયાન તમામ આરોપીઓની અટકાયત કરવામાં આવેલ તથા તપાસ દરમ્યાન જરૂરી મેડીકલ સર્ટીફીકેટ મેળવવામાં આવેલ અને મુદામાલ કબજે કરવામાં આવેલ અને મુદામાલને પૃથ્થકરણ અર્થે એફએસએલ ખાતે જરૂરી યાદીઓ સાથે મોકલી આપેલ અને પોલીસે તપાસના અંતે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ (૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાઓનું ચાર્જશીટ કરેલ. આરોપીઓ વિરૂ ધ્ધ જયુડી. મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ સુરતમાં કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ દાખલ કરતા તેને ફોજદારી કેસ નં. ૫૧૨૨૪/૨૦૧૭ આપવામાં આવેલ. આરોપી વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, સુરતના વિદ્વાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ નાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિનામૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે

આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ અત્રેના સુરતના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ. જેને સેશન્સ કેસ નંબર–૯૭/૨૦૧૮ થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ મે.મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, સુરતના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા મારા પુરોગામી ન્યાયધીશશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ અને હાલ અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

૦૨) આ કામના આરોપીઓ જામીન મુકત હોય, આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭,૩૨૪, ૩૨૩, ૨૦૧, ૪૨૭, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ (૧) મુજબના આક્ષેપિત ગુના અંગે આંક ૬થી તહોમતનામુ ફરમાવેલ અને આરોપીઓનું નિવેદન–પ્લી આંક ૭થી ૧૦ સુધીથી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે. ત્યારબાદ ઉપરોકત વિગતેનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર આવેલ છે.

૦૩) ફરિયાદ પક્ષે આંક ૭૬ તથા ૮૪થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન આવેલ છે. આરોપીઓએ તેમના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષના કેસનો સદંતર ઈન્કાર કરેલ છે. બચાવમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરવાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવમાં સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અમોએ આવો કોઈ ગુનો કરેલ નથી. અમોને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ છે.

**૦૪)** આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ-

**૧.** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે એવું પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી ભાવેશભાઈ ભુપતભાઈ ડાબસરાના નાનાભાઈ પિયુષભાઈ ડાબસરાનાઓ વરાછા વિસ્તારમાં વૈશાલી ત્રણ રસ્તા પાસેની કિરણ ડાયમંડ ફેકટરીમાં કામ કરતા આરોપીઓ કેતનભાઈ પાટીલની સાથે તા. ૩૦/૯/૨૦૧૭ના રોજ થયેલ ઝઘડા અનવયે આરોપી કેતનભાઈ પાટીલે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે અનુસંધાને તા. ૨/૧૦/૨૦૧૭ના રોજ ફરીયાદી પોતાના નાથાભાઈ પિયુષ ડાબસરાને કિરણ ડાયમંડ ફેકટરીએ સાંજના સાડા સાતેક વાગ્યે મુકી પરત જતી વખતે આરોપીઓએ એકબીજાની મદદગારીથી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફરીયાદીને બીભસ્ત ગાળો આપી, ઢીકમુકકીનો માર મારી, નાખવાની મારી નાખવાની ધમકી આપી, મારી નાખવાના ઈરાદે આરોપી નં. ૧વાળા કેતન પાટીલે પોતાની પાસે રહેલ છરીથી ફરીયાદીને જમણી બાજુ કમ્મરના ભાગે તથા ડાબા પગની જાંઘના ભાગે એક એક ઘા તથા પીઠના ભાગે ડાભા ખંભા પર તથા જમણા ખંભા પર એક એક ઘા મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી ફરીયાદીનું રોડ પર પડેલ પલ્સર મો.સા.માં પથ્થરમારો કરી, ફોડફોડ કરી રૂા. ૧,૦૦૦/-નું નુકશાન કરી આરોપી નં.૧વાળાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ લોહીવાળી છરી (ચપ્પુ)આરોપી દિપક ઉર્ફે સાગરે પાણીથી ઘોઈ નાખી પુરાવાનો નાશ કરેલ તે રીતે આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭,૩૨૪, ૩૨૩, ૨૦૧ ,૪૨૭, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ (૧) મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો તથા મારા તારણો નીચે મુજબ છે.

/૧/ નકારમાં,

/૨/ આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

૦૬) પુરાવાના અંતે ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી એન.એમ.ચોડવડીયાનાઓએ મુખ્યત્વે પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓની વિરૂધ્ધમાં આંક ૦૬થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૩૨૪, ૩૨૩, ૨૦૧ ,૪૨૭, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ (૧) અન્વયેનું જે તહોમતનામું ફરમાવેલ છે, પરંતું આ કામના ઈજા પામનાર સાહેદ–ફરીયાદી તેમના ભાઈ તથા અન્ય નજરે જોનાર સાક્ષીઓ, ડિસ્કવરી પંચો વિગેરે સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સર્મથન આપતો કોઈ પુરાવો આપેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે, આ તમામ હકીકતો ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ.

૦૭) આરોપીઓના વિધ્વાન વકીલશ્રીએ મુખ્યત્વે એવી દલીલો કરેલ કે, ઈજા પામનાર સાહેદ–ફરીયાદી તેમના ભાઈ તથા અન્ય નજરે જોનાર સાક્ષીઓ, ડિસ્કવરી પંચો વિગેરે સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સર્મથન આપતો કોઈ પુરાવો આપેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે, આ ઈજા પામનાર વ્યકિતને આરોપીઓએ ઈજા કરેલ હોય કે અન્ય કોઈ ગુનાહીત કૃત્ય કરેલ હોય તેવો લેશમાત્ર પણ પુરાવો આ અદાલતના રેકર્ડ પર આવેલ નથી. આ કેસમાં તમામ નજરે જોનાર સાક્ષીઓ તથા પંચ સાહેદો ફરી ગયેલા છે. પોલીસ અધિકારી તથા કર્મચારીઓએ જે પુરાવાઓ આપેલ તે પુરાવાઓને કોઈપણ સાહેદોના પુરાવાથી સર્મથન મળેલ નથી. તેથી ઈજા પામનાર વ્યકિતના પુરાવાના અભાવે તથા અન્ય સર્મથનકારક પુરાવાઓના અભાવે માત્ર પોલીસ અધિકારી–કર્મચારીનો પુરાવો માની શકાય નહી અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલા ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ.

૮) સદર કામે ફરીયાદપક્ષ દ્વારા આ કામે સાહેદ નં.૧થી ઈજા પામનાર–ફરીયાદી ભાવેશ ભુપતભાઈ ડાબસરાને આંક ૧૬થી તપાસવામાં આવેલા છે. આ ફરીયાદીના પુરાવા મુજબ

તેઓ તેમના ભાઈને મુકવા માટે ઓફીસ ગયો હતો ત્યારે ૧૦ થી ૧૫ માણસો ત્યાં હાજર હતા અને તેઓએ તેમના પર હુમલો કરી તેને પછાડી દીધેલ, ત્યારબાદ પોલીસ આવેલ અને હોસ્પીટલ લઈ ગયેલ પછી કાંઈ યાદ ન હોવાનું જણાવેલ. તેમના પુરાવામાં આંક ૧૭થી ફરીયાદ તથા આંક ૧૮થી ડીડીની નકલ રજુ થયેલ. તેઓને કોણે માર મારેલ તે યાદ ન હોવાનું જણાવેલ તથા આવી વ્યકિતઓને તેઓ જોયેથી ઓળખી શકે નહી તથા બનાવ વીશે કોઈ માહીતી ન હોવાનું જણાવેલ. જેથી એપીપીશ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ પરંતું ઉલટતપાસમાં પણ આ હકીકતને લેશમાત્ર પણ સર્મથન આપેલ નહી. ત્યારબાદ આરોપીઓના વકીલશ્રી દ્વારા તેમની ઉલટતપાસ કરતા આ સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે ઘણા બધા માણસોનું ટોળુ ભેગુ થયેલ. આ ટોળામાં કોનો ઝઘડો હતો તેની ખબર ન હોવાનું જણાવેલ. આ ટોળામાં ધકકા મુકકીના કારણે તેઓ પડી જતા કોઈ ધારદાર વસ્તુ તેમને વાગી જવાથી ઈજા થયેલ. તેઓએ ડોકટર સમક્ષ કોઈ હીસ્ટ્રી ન આપેલાનું સ્વીકારેલ તથા ડોકટર સમક્ષ કોઈ વ્યકિતઓના નામ ન લખાવેલાનું સ્વીકારેલ તથા હોસ્પીટલમાં હતા ત્યારે તેનું નિવેદન લેવા માટે કોણ આવેલ તેની જાતમાહીતી ન હોવાનું સ્વીકારેલ અને તેમનું નામ સરનામું પુછી સહી કરાવેલી. તેઓએ કોઈ નિવેદન લખાવેલ નહી. તેમની તૈયાર લખાણના કાગળ પર સહી લેવામાં આવેલ. તેઓને પડી જવાથી ઈજા થયેલ તે સીવાય અન્ય કોઈ કારણ ન હોવાનું પણ સ્વીકારેલ. તેઓએ પોલીસ સ્ ટેશન જવાનો પ્રસંગ બનેલ નહી અને પોલીસ સમક્ષ કોઈ ફરીયાદ લખાવેલા નહી તેવું પણ સ્વીકારેલ.

આ ફરીયાદી/નજરે જોનાર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામના ફરીયાદીએ આંક ૧૭ વાળી ફરીયાદ તથા આંક ૧૮વાળાળા મરણોન્મુખ નિવેદનમાં જણાવેલ હકીકતને જરા પણ સર્મથન આપેલ નથી તેમજ આરોપીઓ દ્વારા ફરીયાદીનું ખુન કરવાની કોશીશ કરવા અંગેના બનાવની હકીકતનું જરા પણ સર્મથન આપેલ નથી અને ટોળામાં ધકકા મુકકી થવાના કારણે તેઓ પડી જતા કોઈ ધારદાર વસ્તુ તેમને વાગી જવાથી ઈજા થયેલ. આમ

આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતનો સમર્થન ફરીયાદી આપતા ન હોય તેથી પુરાવો લેશમાત્ર પણ માનવાલાયક જણાતો નથી.

૯) સદર કામે ફરીયાદપક્ષ દ્ધારા આ કામે સાહેદ નં.૨થી નજરે જોનાર સાહેદો બિપીનભાઈ અરવિંદભાઈ ગોંડલીયાને આંક ૧૯થી, સાહેદ પીયુષભાઈ ભુપતભાઈ ડાબસરાને આંક ૨૯થી સાહેદ સંજયભાઈ વિનુભાઈ આણદાણીને આંક ૩૦થી સાહેદ રમેશભાઈ સવજીભાઈ ગોહિલને આંક ૩૨થી, સાહેદ મુકેશભાઈ કરશનભાઈ લાડવાને આંક ૩૬થી, સાહેદ કૈલાસ મોતીલાલ મેઘવાલને આંક ૩૭થી, સાહેદ રમાશંકર રામઉજાગર પાલને આંક ૩૮થી સાહેદ દેવેન્દ્રકુમાર અમરૂતલાલ પાંડેને આંક ૩૯થી, સાહેદ જયેશભાઈ હામાભાઈ માવાણીને આંક ૪૪થી તપાસવામાં આવેલા છે. આ સાહેદો પૈકી કોઈપણ સાહેદે બનાવની કોઈ જ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ નથી તથા ઈજા પામનાર- ફરીયાદીને કોણે કયા હથીયારથી કેવી રીતે ઈજા કરેલી તે અંગેનો કોઈ જ પુરાવો આ નજરે જોનાર સાહેદોએ તેમના પુરાવામાં જણાવેલ નથી તથા આવા હથીયાર ઓળખવાનો ઈન્કાર કરેલો તથા આરોપીઓને ઓળખવાનો પણ ઈન્કાર કરેલ. જેથી એપીપીશ્રી દ્ધારા તમામ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછી વિગતવારની પુછપરછ કરેલી, પરંતું આ પુછપરછમાં આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની કોઈપણ હકીકતોને લેશમાત્ર પણ સમર્થન આપતો પુરાવો આપેલ નહી. ત્યારબાદ આરોપીઓના વિધ્વાન વકીલશ્રી દ્ધારા આ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલી, જેમાં આ સાહેદોએ બચાવપક્ષને મદદરૂપ થાય તે પ્રકારની હકીકતનો સ્વીકાર કરેલો. આ સાહેદોએ તે હકીકતનો સ્વીકાર કરેલ કે, બનાવ સમયે ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થયેલ તે ટોળામાં ધકકામુકકી થવાથી ભાવેશભાઈ પડી થવાથી તેમને ઈજા થયેલ. ભાવેશભાઈને કોઈ વ્યકિતઓએ/ આરોપીઓએ કોઈપણ હથીયારથી ઈજા કરેલાનો ઈન્કાર કરેલ. પોલીસે ફકત તેઓના નામ સરનામા પુછેલ આ સીવાય અન્ય હકીકત પોલીસને લખાવેલાનો ઈન્કાર કરેલ. આ

સાહેદોએ તેમના પુરાવામાં તેઓને આક્ષેપીત બનાવની કોઈ જાતમાહિતી હોય તેવી કોઈ જ હકીકત આ સાહેદોએ જણાવેલ નથી.

આ કેસમાં ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતેના નજરે જોનાર સાહેદોનો તપાસવામાં આવેલા. આ તમામ સાહેદોના પુરાવાઓનું સંયુકત રીતે મુલ્યાંકન કરીએ તો તેઓની નજર સમક્ષ કોઈ બનાવ બનેલાનો ઈન્કાર કરેલ. આરોપીઓ દ્વારા ઈજા પામનાર ભાવેશભાઈને કોઈ હથીયારથી ઈજા કરેલાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન આપેલ નહી અને પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલ તે સીવાયની અન્ય કોઈ હકીકતો પોલીસ સમક્ષ લખાવેલાનો ઈન્કાર કરેલ. આ સાહેદોના પુરાવાઓ મુજબ ટોળામાં ધકકા મુકકી થવાના કારણે ભાવેશભાઈ પડી જતા તેમને ઈજા થયેલાની હકીકત જણાવેલ. આમ આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતનો સર્મથન આ નજરે જોનાર સાક્ષીઓ તરફથી મળેલ નથી. આ સાહેદોનો પુરાવો લેશમાત્ર પણ માનવાલાયક જણાતો નથી.

**૧૦)** ફરીયાદ પક્ષના સાહેદ નં.૩થી પ્રવિણભાઈ કાબાભાઈ બાલધીયાને આંક ૨૦થી તથા સાહેદ નં. ૪થી લાલજીભાઈ રણછોડભાઈ ડાભીને આંક ૨૨થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદોએ આરોપી કેતન દિલીપભાઈ પાટીલ દ્વારા ડિસ્કવરી પંચનામાની વિગતે મુદામાલનું હથીયાર છરી(ચપ્પુ) શોધી આપેલ તે અંગેના પંચનામાના પંચો છે. આ બંને પંચ સાહેદોએ આંક ૨૧વાળા ડિસ્કવરી પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન આપેલ નથી અને આ પંચોને એપીપી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ પરંતું ઉલટતપાસમાં પણ આ હકીકતને લેશમાત્ર પણ સર્મથન આપેલ નહી. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ મુજબ તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લેવામાં આવેલ તેમની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલાનો ઈન્કાર કરેલ. તેઓ આંક ૨૧વાળા પંચનામામાં સહી કર્યા સીવાયની અન્ય કોઈપણ હકીકતો જાણતા હોવાનો ઈન્કાર કરેલ. આમ આ પંચ સાહેદોનો પુરાવો લેશમાત્ર પણ મદદરૂપ થાય તેમ જણાઈ આવતો નથી.

**૧૧)** ફરીયાદ પક્ષના સાહેદ નં.પથી સંદિપભાઈ રમેશભાઈ ગોહિલને આંક ૨૩થી તથા સાહેદ નં. ૬થી સંજયભાઈ કાંતીભાઈ વાઘેલાને આંક ૨૫થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદોની હાજરીમાં ફરીયાદીએ પોતાના કપડા, પર્સ, ડ્રાયવીંગ લાયસનસ તથા પંચીંગ કાર્ડ રજુ કરેલ તે કબજે કર્યા અંગેના પંચનામાના પંચો છે. આ બંને પંચ સાહેદોએ આંક ૨૪વાળા રીકવરી પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન આપેલ નથી અને આ પંચોને એપીપી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ પરંતું ઉલટતપાસમાં પણ આ હકીકતને લેશમાત્ર પણ સર્મથન આપેલ નહી. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ મુજબ તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લેવામાં આવેલ તેમની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલાનો ઈન્કાર કરેલ. તેઓ આંક ૨૪વાળા પંચનામામાં સહી કર્યા સીવાયની અન્ય કોઈપણ હકીકતો જાણતા હોવાનો ઈન્કાર કરેલ. આમ આ પંચ સાહેદોનો પુરાવો લેશમાત્ર પણ મદદરૂપ થાય તેમ જણાઈ આવતો નથી.

**૧૨)** ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૦થી મનોજભાઈ ગુલાબભાઈ પટેલને આંક ૩પથી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદની હાજરીમાં આરોપી દિપક ઉર્ફે સાગર ધનરાજની શરીરસ્થીતીનું પંચનામુ કરવામાં આવેલ તે અંગેના પંચનામાના પંચો છે. આ પંચ સાહેદએ આંક ૩પ વાળા આ પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન આપેલ નથી અને આ પંચોને એપીપી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ પરંતું ઉલટતપાસમાં પણ આ હકીકતને લેશમાત્ર પણ સર્મથન આપેલ નહી. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ મુજબ તેઓની તૈયાર પંચનામામાં સહીઓ લેવામાં આવેલ તેમની હાજરીમાં આરોપીનું શરીરસ્થીતીનું પંચનામું કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ. તેઓ આંક ૩પવાળા પંચનામામાં સહી કર્યા સીવાયની અન્ય કોઈપણ હકીકતો જાણતા હોવાનો ઈન્કાર કરેલ. આમ આ પંચ સાહેદનો પુરાવો લેશમાત્ર પણ મદદરૂપ થાય તેમ જણાઈ આવતો નથી.

**૧૩)** ફરીયાદ પક્ષના સાહેદ  નં.૧૫થી કુણાલભાઈ નરેન્દ્રભાઈ રાણાને આંક ૪૦થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ  તેઓ સને ૨૦૧૭માં કિરણ જેમ્સ વરાછા ખાતે સીસ્ટમ એનડ નેટવર્ક એન્જી. તરીકે નોકરી કરતા હતા.  પોલીસે તેમની કંપનીના બહારના સીસી ટીવી રેકોર્ડીગ બતાવવાનું જણાવતા, તેઓએ પોલીસને કોમ્પયુટરમાં રેકોર્ડીગ થયેલ તે આપીને જતા રહેલા આ સીવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ. તેમના પુરાવામાં આંક ૪૧થી ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૬૫(બી)(૪-સી) વાળું પ્રમાણપત્ર રજુ થયેલ. આ સાહેદએ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતો તથા આંક ૪૧વાળા દસ્તાવેજની હકીકતો સંબંધમાં કાંઈ જાણતા ન હોવાનો પુરાવો આપતા વિધ્વાન એપીપીશ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ પરંતું ઉલટતપાસમાં પણ આ હકીકતને લેશમાત્ર પણ સર્મથન આપેલ નહી.  બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ મુજબ પોલીસે તેમનું નામ સરનામું પુછેલ અને તેમની તૈયાર કાગળમાં સહી કરાવેલ. પોલીસ તૈયાર કાગળ  સાથે લઈને આવેલ.  તેઓએ પોલીસને સીડી આપેલાનો ઈન્કાર કરેલ તથા બનાવની કોઈ જાત માહીતી હોવાનો ઈન્કાર કરેલ. આમ આ સાહેદનો પુરાવો લેશમાત્ર પણ મદદરૂપ થાય તેમ જણાઈ આવતો નથી.

**૧૪)** ફરીયાદપક્ષ દ્વારા આ કામના ત.ક.અ. પી.આઈ. મયુરકુમાર પ્રવિણભાઈ પટેલને આંક ૪૫થી તપાસવામાં આવેલ.  તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ કે,  તા. ૩૦/૧૦/૨૦૧૭ના રોજ વરાછા પોલીસ સ્ટેશન ખાતે તેઓ પી.આઈ. તરીકે નિમાયેલ. આ કેસના પેપર્સથી માહીતગાર થયેલ. આ કેસમાં કબજે થયેલ સીસી ટીવી ફુટેજની સીડી, લોહીવાળા કપડા, કોટન થ્રેડ તથા અન્ય મુદામાલને રવાનગી નોંધ તૈયાર કરી એફએસએલ ખાતે પૃથ્થકરણ અર્થે મોકલી આપેલ તથા આરોપીઓની ઓળખપરેડની મંજુરી માટે પરવાનગી માંગતો પત્ર લખેલ. તેમના પુરાવામાં આંક ૪૬થી હથીયારબંધીના જાહેરનામાની નકલ, આંક ૪૭થી મુદામાલ રવાનગી, આંક ૪૮થી ઓન લાઈન રવાનગી નોંધ, આંક ૪૯થી ફોરવર્ડીગ પત્ર, આંક ૫૦થી રવાનગીપત્રક રજુ થઈ આંક આપવામાં આવેલ તથા આંક ૫૧ થી ૫૫ વાળા દસ્તાવેજી પુરાવાઓ રીફર થયેલા.

બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન પંચનામા કરી સીસી ટીવી ફુટેજ કે લોહીવાળા કપડા, કોટન થ્રેડ કે અન્ય કોઈ મુદામાલ કબજે કરેલ નથી તથા સીસી ટીવી ફુટેજ, લોહીવાળા કપડા, કોટન થ્રેડ કોણ અને કયાંથી લાવેલ તેની તેઓને કોઈ જાણકારી ન હોવાનું જણાવેલ. તેઓએ તેમની તપાસ દરમ્યાન કોઈપણ આરોપીઓને પંચનામું કરી અટક કરેલા નથી.

**૧૫)** ફરીયાદપક્ષ દ્રારા આ કામના ત.ક.અ. પી.આઈ. ચંદ્રમૌલી હિંમતભાઈ પનારાને આંક ૫૬થી તપાસવામાં આવેલ. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ કે, તા. ૧૧/૧૧/૨૦૧૭ના રોજ તેઓ ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમયાન પેટ્રોલીંગમાં ફરતા ફરતા ઉધના ત્રણ રસ્તા પાસે પહોંચતા સાથેના પો.કો. વિકાસ તથા અભયસિંહે સંયુકત રીતે બાતમી આપેલ કે, આશરે એકાદ મહીના પહેલા ભાવેશ નામના ઈસમ પર કિરણ પાટીલ તથા તેના બીજા મળતીયાઓએ જીવલેણ હુમલો કરેલો તે પૈકીના બે આરોપીઓ હાલમાં ઉધના કૈલાશનગર રોડ સામે ઉભેલ છે જેથી પો.કો. વિકાસ મારફતે બે પંચોને બોલાવી ખાનગી વાહનમાં રવાના થઈ બાતમીવાળી જગ્યાએ પહોંચો આરોપીઓની ખરાઈ થતા તેઓને કોર્ડન કરી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા આરોપીઓએ પોતાના નામ રાકેશ રાણે તથા સાગર જણાવેલ ત્યારબાદ તેઓને વરાછા પોલીસનો સંપર્ક કરી સોંપી દેવામાં આવેલ. આ બંને આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ. આંક ૨૭વાળું પંચનામુ જોઈ તેમના પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવેલ. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ કે, તેઓ પેટ્રોલીંગમાં હોય તે સંબંધેનો કોઈ પુરાવો ત.ક.અ.ને આપેલ નથી કે સ્ટે.ડા.માં નોંધ કરેલ નથી તેઓ કયા વાહનમાં ગયેલા હતા તેની વિગતો નિવેદનમાં જણાવેલ નથી. બાતમી મૌખીકમાં મળેલ. પ્રાથમીક પંચનામુ કરેલ નહી. આરોપીનું વર્ણન બાતમીમાં જણાવેલ ન હતુ. કૈલાશનગરવાળો વિસ્તાર ભીડભાડવાળો છે. અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ.

**૧૬)** ફરીયાદપક્ષ દ્વારા આ કામના પીએસઓ ચંદ્રસેન અમરસિંહ ગામીતને આંક ૬૦થી તપાસવામાં આવેલ. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ કે, તા. ૦૨/૧૦/૨૦૧૭ના રોજ તેઓ વરાછા પોલીસ સ્ટેશન ખાતે પીએસઓ તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ફરીયાદીએ પી.આઈ. સી.કે.પટેલ સાહેબ રૂબરૂ ફરીયાદ લખાવેલ ત્યારબાદ ગુનો દાખલ થવા માટે તેમના તરફ આવતા તેઓએ વરાછા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી. નં. ૩૫૯/૨૦૧૭થી આઈપીસી કલમ ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ તથા જીપી એકટની કલમ ૧ ૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરેલ અને સ્ટે.ડા.માં નોંધ નં. ૩૬થી નોંધ કરેલ, જે સ્ટે.ડાયરીનો ઉતારો આંક ૬૧થી રજુ થયેલ. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ કે,આ ગુનો કલાક ૨૨.૦૫ થી ૨૨.૩૫ દરમીયાન દાખલ થયેલ. ૨૨.૦૫ પછી ગુનો દાખલ થયેલ ત્યારે તેઓ ફરજ પર હાજર ન હતા.

**૧૭)** ફરીયાદપક્ષ દ્વારા આ કામના પી.આઈ. ચંદ્રકાંત કેશવલાલ પટેલને આંક ૬૨થી તપાસવામાં આવેલ. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ કે, તા. ૦૨/૧૦/૨૦૧૭ના રોજ તેઓ વરાછા પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ તરીકે ફરજ પર હાજર હતા તે દરમયાન ફરીયાદી ભાવેશ ભુપતભાઈ ડાબસરાનાઓને ગંભીર હાલતમાં ઈજા થયેલ હોય તેઓને સ્મીમેર હોસ્પીટલ ખાતે દાખલ કરેલાની જાણ થતા તેઓ સ્મીમેર હોસ્પીટલ ખાતે ગયેલ અને ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ. આંક ૧૭વાળી ફરીયાદ જોઈ ફરીયાદીએ તેમના રૂબરૂ લખાવેલ ફરીયાદ હોવાનું જણાવી પોતાની તથા ફરીયાદીની સહી ઓળખી બતાવેલ ત્યારબાદ ગુનો દાખલ કરાવેલ આગળની તપાસ તેઓએ જાતેથી સંભાળી લાગતાળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા ઈજા પામનારનું મરણોન્મુખ નિવેદન નોંધાવવા કાર્યવાહી કરેલ તથા આંક ૬૩વાળું બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા કિરણ ડાયમંડ ફેકટરીમાં સીસી ટીવી કેમેરા લગાડેલા હોય તેના સીસી ટીવીના ફુટેજની સીડી બનાવી પંચોની હાજરીમાં કબજે કરેલ, જે પંચનામું આંક ૬૪થી રજુ થયેલ તથા તપાસ દરમયાન ઈજા પામનારે બનાવ સમયે પહેરેલા કપડાઓ પંચનામાની વિગતે કબજે કરેલા. આરોપી કેતન સીધો સરંડર થતા તેનો કબજો મેળવવા જરૂરી

કાર્યવાહી કરેલ અને તેમની શરીરસ્થીતીનું પંચનામું કરેલ તથા આરોપીનું વિગતવારનું નિવેદન નોંધેલ તથા આરોપીએ ડિસ્કવરી પંચનામાની વિગતે હથીયાર શોધી આપતા આંક ૨૧વાળા પંચનામાની વિગતે આ હથીયાર કબજે કરેલ તથા અન્ય આરોપીઓની તપાસ કરેલ તથા મો.સા.ને નુકશાન કરેલ હોય તેથી આંક ૬૫ મુજબ કલમનો ઉમેરો કરવા કાર્યવાહી કરેલ તથા ઓળખપરેડ કરાવવા જરૂરી કાર્યવાહી કરેલ તથા બનાવવાળી જગ્યાએથી લોહીવાળું કોટન થ્રેડ જેને આંક ૬૬ આપી કબજે લીધેલ તથા અન્ય મુદામાલ કબજે કરેલ તથા પંચનામાના મુદામાલ સાથેની પંચ સ્લીપો આંક ૭૦(એ) થી ૭૦(સી) મુજબની કબજે કરેલ. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ કે, બનાવવાળી જગ્યાની આસપાસ અન્ય ડામચંડ ફેકટરીઓ આવેલ છે તથા આ જગ્યાની આસપાસ વાહનોની અવરજવર ચાલી હોય છે. કિરણ ડાયમંડમાં ઘણા કારીગરો કામ કરે છે, તપાસ દરમયાન રૂપેશ શંકરનું નિવેદન લીધેલ નથી તથા સીડીના પંચનામામાં કોઈપણ ગાડીનો રજી. નંબર જણાવેલ નથી. અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ.

**૧૮)** ફરીયાદપક્ષ દ્વારા આ કામના પી.આઈ. મનહરસિંહ ઈન્દ્રસિંહ ઝાલાને આંક ૭૨થી તપાસવામાં આવેલ. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ કે, સને ૨૦૧૭માં તેઓ વરાછા પોલીસ સ્ટેશન ખાતે સેકન્ડ પીઆઈ તરીકે ફરજ બજાવતા હતા. આ દરમ્યાન પી.આઈ.શ્રી એમ.પી. પટેલ વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત હોય, આ ગુનાની તપાસ તેઓને સોંપવામાં આવેલ. તેઓએ તપાસ દરમયાન એફએસએલમાંથી મુદામાલની પહોંચ આવતા કામમાં સામેલ રાખેલ તથા તા. ૧૧/૧૧/૧૭ના રોજ ડીસીબી પોલીસ સ્ટેશન તરફથી ટેલીફોન વર્ધીથી જાણ થયેલ કે નાસતા ફરતા આરોપી રાકેશ અરવિંદ અને સાગર ઉર્ફે દિપક ધનરાજને ડીસીબી પોલીસ દ્વારા કલમ ૪૧(૧)(આઈ) મુજબ અટક કરેલા હોય તેઓને અટક પંચનામાની વિગતે અટક કરેલ તથા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. તેમના પુરાવામાંઅ ાંક ૭૩ તથા આંક ૭૪થી એફએસએલના પુરાવા રજુ થયેલ. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ જુદા જુદા સજેશનોનો સાહેદે ઈન્કાર કરેલ.

આ પોલીસ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓ બનાવના નજરે જોનાર સાક્ષીઓ નથી. આ કામમાં જયારે ખુદ ફરીયાદી તથા અન્ય નજરે જોનાર સાક્ષીઓ તથા પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સર્મથન આપેલ નથી તેવા સંજોગોમાં માત્ર પોલીસ અધીકારીનો પુરાવો માનીને આરોપીઓને સજા ન કરી શકાય આ પોલીસ સાહેદનો પુરાવો માત્ર ફોર્મલ બની જાય છે આમ આ પોલીસ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ મદદ કરતો નથી.આવા સંજોગોમાં જયારે ફરીયાદપક્ષના મહત્વના સાક્ષીઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સર્મથન આપેલ ન હોય ત્યારે પોલીસ સાહેદોના સાંભળેલા પુરાવાના આધારે આરોપીઓને કહેવાતા ગુનામાં સાંકળી શકાય નહી. આમ આ કીસ્સામાં આ કામના આરોપીઓને તેઓની સામેના કથીત આરોપી સાથે સાંકળી શકાય તેવો સંતોષકારક અને શંકારહીત પુરાવો રેકર્ડ ઉપર નથી.

(૧૯) આમ, આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું સંયુકત રીતે મુલ્યાંકન કરીએ તો, આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આરોપીઓ સામે તહોમત મુકેલ છે કે, આ કામના ફરીયાદી ભાવેશભાઈ ભુપતભાઈ ડાબસરાના નાનાભાઈ પિયુષભાઈ ડાબસરાનાઓ વરાછા વિસ્તારમાં વૈશાલી ત્રણ રસ્તા પાસેની કિરણ ડાયમંડ ફેકટરીમાં કામ કરતા આરોપીઓ કેતનભાઈ પાટીલની સાથે તા. ૩૦/૯/૨૦૧૭ના રોજ થયેલ ઝઘડા અનવયે આરોપી કેતનભાઈ પાટીલે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે અનુસંધાને તા. ૨/૧૦/૨૦૧૭ના રોજ ફરીયાદી પોતાના નાથાભાઈ પિયુષ ડાબસરા ને કિરણ ડાયમંડ ફેકટરીએ સાંજના સાડા સાતેક વાગ્યે મુકી પરત જતી વખતે આરોપીઓએ એકબીજાની મદદગારીથી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફરીયાદીને બીભસ્ત ગાળો આપી, ઢીકમુકકીનો માર મારી, નાખવાની મારી નાખવાની ધમકી આપી, મારી નાખવાના ઈરાદે આરોપી નં. ૧વાળા કેતન પાટીલે પોતાની પાસે રહેલ છરીથી ફરીયાદીને જમણી બાજુ કમ્મરના ભાગે તથા ડાબા પગની જાંઘના ભાગે એક એક ઘા તથા

પીઠના ભાગે ડાભા ખંભા પર તથા જમણા ખંભા પર એક–એક ઘા મારી ગંભીર જીવલેણ ઈજાઓ કરી ફરીયાદીનું રોડ પર પડેલ પલ્સર મો.સા.માં પથ્થરમારો કરી, ફોડફોડ કરી રૂા. ૧ ,૦૦૦/– નું નુકશાન કરી આરોપી નં.૧વાળાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ લોહીવાળી છરી (ચપ્પુ)આરોપી દિપક ઉર્ફે સાગરે પાણીથી ધોઈ નાખી પુરાવાનો નાશ કરેલ કરી તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૩૨૪, ૩૨૩, ૨૦૧,૪૨૭, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ (૧)મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ, આ કામે રજુ થયેલ સમગ્ર હકીકત તથા ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.નકારમાં આપી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

**(૧)** આ કામના આરોપીઓ **(૧)**કેતન દિલીપભાઈ પાટીલ **(૨)** કનૈયા સ/ઓ વસંતભાઈ મગનભાઈ સોનાર **(૩)** રાકેશ સ/ઓ અરવિંદ વાસુદેવ રાણે જાતે રાણા રાજપુત **(૪)** દિપક ઉર્ફે સાગર ધનરાજ સોનારનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૩૫ (૧) અન્વયે વરાછા પોલીસ સ્ટેશન, સુરત ગુ.રજી. નં.૩૫૯/૨૦૧૭થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૩૨૪, ૩૨૩, ૨૦૧,૪૨૭, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ (૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આ કામે મુદામાલની વચગાળાની કસ્ટડી અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તેને આથી કાયમી પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે તથા તે સીવાયનો અન્ય તમામ કબ્જે કરવામાં આવેલ તમામનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓ વિરૂદ્ધના હાલના ગુનાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે દરેક આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧) મુજબ રૂા.૧૫,૦૦૦/– ના જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજરોજ તા. ૦૯[મી] માહે જુન સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૬/૨૦૨૫

સુરત

**(વિનોદ વી. પરમાર)**

**ત્રીજા અધિક સેશન્સ જજ**

**સુરત**

**(યુનિક આઈ.ડી. કોડ નં.–જીજે૦૧૫૧૪)**